સૌરાષ્ટ્ર યુનિવર્સીટી
Re-Accredited Grade "A" by NAAC

સૌરાષ્ટ્ર યુનિવર્સીટી
સૌરાષ્ટ્ર યુનિવર્સીટી કાર્યાલય,
યુનિવર્સીટી કેમ્પસ, યુનિવર્સીટી રોડ
રાજકોટ - ૩૬૦૦૦૫
ફોન નં. ૨૫૭૮૫૦૧ થી ૧૨ (એક્સ.) ૨૦૪

સંદર્ભ :- (૧) અત્રેની યુનિવર્સિટીના પરિપત્ર નં./જોડાણ/૨/૧૮૯૫/૨૦૧૨ તા.૧૪/૮/૨૦૧૨
(૨) અત્રેની યુનિવર્સિટીના પરિપત્ર નં./જોડાણ/૨/૧૨૪/૨૦૧૬ તા. ૨૩/૪/૨૦૧૬
(૩) અત્રેની યુનિવર્સિટીના પરિપત્ર નં./જોડાણ/૨/૨૬૪૬/૨૦૧૭ તા.૮/૩/૨૦૧૭
(૪) એસ.સી.એસ.ટી.સેલ વિભાગના પરિપત્ર નં./એસ.સી.એસ.ટી.સેલ /૨૬/૨૦૧૭ તા.૫/૬/૨૦૧૭ અન્વયે

પરિપત્ર :-

ઉપર્યુક્ત વિષય તથા સંદર્ભ પરત્વે સલંગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ,માન્ય સંસ્થાઓ ના વડાઓને જણાવવામાં આવે છે કે,વિદ્યાર્થી પ્રવેશ ફી ,ફી રીફંડ,ફી શીપ કાર્ડ,પ્રવેશ રદ ના કિસ્સામાં વિદ્યાર્થીઓને અસલ પ્રમાણપત્રો પરત આપવા ,કોલેજ ટ્રાન્સફર સમયે વિદ્યાર્થી પાસેથી માંગવામાં આવતી અગાઉના વર્ષોની ફી વગેરે બાબતે વારંવાર ના પરિપત્રો થી નિયમો અનુસાર ની યોગ્ય કાર્યવાહી થવા જણાવવામાં આવેલ છે તેમ છતાં કેટલીક કોલેજો દ્વારા આ બાબતે યોગ્ય અમલ થતો નથી .જેથી નીચે મુજબની વિગતે યોગ્ય કાર્યવાહી થવા જણાવવામાં આવે છે .

(૧) વિદ્યાર્થી પ્રવેશ ફી/ કોલેજ ટ્રાન્સફર સદર્ભમાં વિદ્યાર્થીઓ પાસેથી લેવામાં આવતી ફી :

-- સંદર્ભ પરિપત્ર - **૧** થી કોલેજમાં પ્રવેશ મેળવતા કે અભ્યાસ કરતા વિધાર્થીઓ પાસેથી રાજયસરકારશ્રી /યુનિવર્સિટી દ્વારા વિવિધ અભ્યાસક્રમોની વિધાર્થી પ્રવેશ ફી ના દરો નિયત થયેલ છે તે મુજબ જ સરકારી ,ગ્રાન્ટ ઇન એઇડ તથા સ્વનિર્ભર કોલેજોનાં આચાર્યશ્રીઓ દ્વારા વિદ્યાર્થી પાસેથી ફી લેવાની રહે છે. કોઈપણ સંસ્થા દ્વારા નિયત ફી થી વધુ ફી વિદ્યાર્થી પાસેથી લઇ શકાશે નહી .

-- વિધાર્થી પ્રવેશ મેળવ્યા બાદ કોઈપણ કારણસર કોલેજ છોડી ને જવા ઈચ્છે છે તે સ્થિતિ માં વિદ્યાર્થી પાસેથી કોલેજ આગળના વર્ષોની ફી ની અપેક્ષા રાખે છે જે તદન બીનકાયદેસર છે .વિદ્યાર્થી જે સત્ર માં અભ્યાસ કરતા હોય તે સત્ર થી આગળના સત્રો ની ફી વિદ્યાર્થી પાસેથી લેવાની રહેશે નહી .

(૨) વિદ્યાર્થી કોલેજમાંથી પ્રવેશ રદ્દ કરાવે ત્યારે તેમના અસલ પ્રમાણપત્રો પરત આપવા અંગે :

-- સંદર્ભ પરિપત્ર - **૨** થી જણાવ્યા મુજબ યુ.જી.સી. ની તા.૨૩/૪/૨૦૦૭ ની પબ્લીક નોટીસ મુજબ વિદ્યાર્થી કોલેજમાં પ્રવેશ મેળવે ત્યારે ઓરીજીનલ ડોક્યુમેન્ટસ કોલેજ પાસે ફરજીયાત જમા રાખવામાં આવે છે તેથી વિદ્યાર્થીની અન્ય તકો પર અંકુશ મુકાઇ જાય છે. તે મુજબ કોલેજ દ્વારા કોઈપણ વિદ્યાર્થીના ઓરીજીનલ ડોક્યુમેન્ટસ રાખી શકાશે નહી .

-- વિદ્યાર્થીના પ્રવેશ સમયે વેઇટિંગ લીસ્ટ કોલેજ દ્વારા રાખવું જોઈએ કે જેથી વિદ્યાર્થી કોર્ષ શરૂ થયા પહેલા અભ્યાસ છોડી દે તો તેની જગ્યાએ અન્ય વિદ્યાર્થીને એડમિશન આપી શકાય અને જે વિદ્યાર્થીએ અભ્યાસ છોડી દીધેલ હોય તેના પાસેથી લેવામાં આવેલ ફી પૈકી વધુમાં વધુ રૂ/- ૧,૦૦૦/- પ્રોસેસિંગ ફી કોલેજ લઇ શકશે અને બાકીની ફી વિદ્યાર્થીને પરત કરવાની રહેશે અને જો

વિદ્યાર્થી કોર્ષ શરૂ થયા બાદ અભ્યાસ છોડે અને તેની જગ્યાએ અન્ય કોઈ વિદ્યાર્થીને એડમિશનની છેલ્લી તારીખ સુધીમાં એડમિશન ન આપી શકાય તેવા સંજોગોમાં કુલ ફી પૈકી વિદ્યાર્થી જેટલા માસ અભ્યાસ કર્યો હોય તેટલા માસની પ્રમાણસર જે ફી થતી હોય તેટલી જ ફી કપાત કરી બાકીની ફી વિદ્યાર્થીને પરત કરવાની રહેશે અને જે અભ્યાસક્રમમાં હોસ્ટેલ ફરજીયાત હોય અને તેના માટે વિદ્યાર્થીએ ફી ભરેલ હોય તો તે ફી પૈકી વિદ્યાર્થી જેટલા માસ અભ્યાસ કર્યો હોય તેટલા માસની પ્રમાણસર જે ફી થતી હોય તેટલી જ ફી કપાત કરી બાકીની હોસ્ટેલ ફી પરત કરવાની રહેશે.

(3) ફી રીફંડ :

સંદર્ભ પરિપત્ર - ૩ થી યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન સંદર્ભિત પત્ર મુજબ વિદ્યાર્થીઓને જુદી -જુદી ફી રીફંડ અંગે "Remittance and Refund of Fess and other Student Centric Issues"નું નોટીફિકેશન તા.૬/૧૨/૨૦૧૬ થી બાર પડેલ છે તે મુજબ સર્વ કોલેજોને અમલ કરવા માટે જણાવવામાં આવેલ છે ,જે મુજબ સર્વે સંસ્થાઓએ અમલ કરવાનો રહેશે .

(૪) ફ્રીશીપ કાર્ડ રજુ કરનાર વિદ્યાર્થી પાસેથી ફી ન લેવા બાબત :

સંદર્ભ પરિપત્ર - ૪ થી એસ.સી.એસ.ટી.સેલ/સેલ વિભાગ દ્વારા કરાયેલ પરિપત્ર મુજબ વિદ્યાર્થીઓ દ્વારા ફ્રી શીપ કાર્ડ સંસ્થામાં રજુ કરવામાં આવે ત્યારે તેવા વિદ્યાર્થીઓની ફીઝ વિદ્યાર્થીઓ પાસેથી લેવાની રહેશે નહી.પરંતુ તેવી ફીઝ સંસ્થાઓને સરકારશ્રીની સંબંધિત કચેરી તરફથી રીએમ્બર્સમેન્ટ તરીકે ચૂકવી આપવામાં આવશે .

કુલસચિવ

નં./જોડાણ/૪/ ૬૮૨ /૨૦૧૭
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,
યુનિવર્સિટી કેમ્પસ.યુનિવર્સિટી રોડ,
રાજકોટ-૩૬૦૦૦૫
તા. ૨૮/૬/૨૦૧૭
પ્રતિ,
(૧) યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોનાં આચાર્યશ્રીઓ
(૨) માન્ય સંસ્થાઓના વડાઓ

નકલ સાદર રવાના :-
માન.કુલપતિશ્રી /કુલસચિવશ્રી નાં અંગત સચિવશ્રી
નકલ રવાના :
ડાયરેક્ટરશ્રી , કોમ્પ્યુટર સેન્ટર (વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવા વિનંતી સહ)